**<u>રાજકોટના મે. ૯માં એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ</u>**

ફોજદારી કેસ નં. ૧૧૪૯૩/૨૦૧૭
આંક–

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

૧) ગોવિંદભાઈ લાખાભાઈ ચૌહાણ
...આરોપી

<u>ગુનો : જી.પી.એક્ટ એકટની કલમ ૧૪૨ મુજબ</u>.

# <u>–:: ચુકાદો ::–</u>

(૧) આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપી નો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી હાજર થયેલ છે. આરોપી ને ભા. ફો. અ. ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક–.૫ ...થી ..૫...... મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક–....૬.......થી ગુન્હા અંગે લેખિતમા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમા આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલછે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામા આવેલ છે તેમછતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર

ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપી ની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી

ને ધ્યાને  લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારુ છુ અને આરોપીને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છુ. જેથી ન્યાયના વિશાળ હીતમાં  નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–::<u>હુ ક મ</u>::–**

૧. આ કામના આરોપીઓ ને.. .. .જી.પી.એક્ટ. .. .. .. .. .. એકટ ની કલમ  ૧૪૨ મુજબ સી. આર. પી. સી. કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને સદર ગુના સબબ આરોપીને રૂ. ૨૦૦/– અંકે રૂપીયા બસો પુરા નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન :  ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ________________ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશ્યલ સીટીંગમાં  વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૪/૨૦૧૮<br>રાજકોટ

(જે.ડી.સોલંકી)<br>૯ માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ<br>રાજકોટ<br>કોડ નં.– **GJ00979.**